સરસ્વતી સાધના યોજના અંતર્ગત માધ્યમિક શાળામાં અભ્યાસ કરતી આર્થિક રીતે પછાતવર્ગની કન્યાઓને સાયકલ ભેટ આપવા બાબત.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંક: સશપ-૧૦૨૦૦૮-ન.બા.૨૯-અ.૧
સચિવાલય, ગાંધીનગર.
તારીખ: -૩-૨૦૦૮.
28 MAR 2008

**<u>વંચાણે લીધો :</u>**

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૩૧-૫-૧૯૯૯ નો ઠરાવ ક્રમાંક: ૫વછ-૧૦૯૯- ન.બા.૭- અ.૧

(૨) સામાજિક ન્યાય અને અધિકારીતા (આદિજાતિ વિકાસ)વિભાગનો તા.૨૫-૨-૦૪ નો ઠરાવ ક્રમાંક: પીએમએસ- ૧૦૯૮- સાયકલ-૩૦૯-૨૦૦૪- ગ.

(૩) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણનો તા.૩૧-૧-૨૦૦૮ નો પત્ર ક્રમાંક: વિજાક- શિક્ષણ- સાયકલ સહાય- ૦૭-૦૮- ૩૪૬.

<u>ઠ રા વ ::-</u>

ઉપર વંચાણ-૨ માં દર્શાવેલ ઠરાવથી સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગની ધોરણ-૮ માં અભ્યાસ કરતી વિદ્યાર્થીઓને સરસ્વતી સાધના યોજના હેઠળ સાયકલ સહાય આપવા યોજનાને અનુરૂપ આર્થિક રીતે પછાત વર્ગની ધોરણ-૮ માં અભ્યાસ કરતી કન્યાઓને પણ સાયકલ સહાય આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાને અંતે આર્થિક રીતે પછાત વર્ગની ધોરણ-૮ માં અભ્યાસ કરતી કન્યાઓને સાયકલ સહાય આપવાનું નીચેની શરતોને આધીન ઠરાવમાં આવે છે.

૧. આર્થિક રીતે પછાત વર્ગની કન્યાઓને શિક્ષણમાં પ્રોત્સાહન મળે <u>તે માટે ગરીબી રેખા હેઠળ જીવતા કુટુંબની માધ્યમિક શાળામાં ધોરણ-૮ માં અભ્યાસ કરતી કન્યાઓને સાયકલ ખરીદવા માટે ઉચ્ચક રુપિયા ૨૦૦૦/-</u> (અંકે રુપિયા બે હજાર પુરા) મંજુર કરીને ચેકથી ચૂકવવાનું આથી ઠરાવવામાં આવે છે.

૨. પોતાના રહેઠાણથી પોતાના ગામ / શહેરમાં સ્થાનિકે આવેલી માધ્યમિક શાળામાં અભ્યાસ કરવા જતી (આ.પ.વ.) કન્યાઓને સાયકલ સહાય મળવાપાત્ર થશે નહિ.

૩. વિભાગ સંચાલિત છાત્રાલયોમાં, ગ્રાન્ટ ઇન એઇડના ધોરણે ચાલતી ઉત્તરબુનિયાદી આશ્રમશાળાઓમાં નિવાસમાં રહીને સ્થાનિકે આવેલી માધ્યમિક શાળાઓમાં અભ્યાસ કરતી આર્થિક રીતે પછાત વર્ગની કન્યાઓને આ યોજના હેઠળ લાભ મળવાપાત્ર થશે નહિ, પરંતુ પોતાના રહેઠાણથી અવરજવર કરીને સ્થાનિક સિવાયની એટલે કે પોતાના

ગામ સિવાય અન્ય ગામ / શહેરમાં આવેલી આદર્શ નિવાસી શાળાઓ તથા ગ્રાન્ટ ઇન એઇડના ધોરણે ચાલતી ઉત્તર બુનિયાદી આશ્રમશાળાઓ જેવી શૈક્ષણિક સંસ્થાઓમાં ભણવા પોતાના ગામ / શહેરથી આવ-જા કરતી આર્થિક રીતે પછાત વર્ગની કન્યાઓને જ આ યોજનાનો લાભ મળવાપાત્ર થશે.

૪. આ યોજના હેઠળ લાભ આપવા માટે શૈક્ષણિક વાર્ષિક પરીક્ષામાં મેળવેલ ટકાવારીની મર્યાદા ધ્યાને લેવામાં આવશે નહિ.

૫. આ યોજનાનો અમલ તા.૧-૪-૨૦૦૮, શૈક્ષણિક વર્ષ ૨૦૦૮-૦૯ થી કરવાનો રહેશે.

૬. આ યોજનાના અમલીકરણ માટે ખાતાના વડાએ નીચે મુજબની કાર્યપધ્ધતિ અનુસરવાની રહેશે.

(એ) માધ્યમિક શાળાના આચાર્યશ્રીએ આ ઠરાવની જોગવાઇઓ ધ્યાનમાં લઇને જે તે વર્ષ માટે પાત્રતા ધરાવતી આર્થિક રીતે પછાત વર્ગ કન્યાઓની યાદી સહિતની દરખાસ્ત સમયમર્યાદામાં તૈયાર કરીને જિલ્લા નાયબ નિયામક(વિકસતી જાતિ), સમાજ કલ્યાણ અધિકારી(વિકસતી જાતિ ) તથા જિલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારીને મોકલી આપવાની રહેશે.

(બી) આ અધિકારીઓએ પાત્રતા ધરાવતી કન્યાઓની યાદી સહિત મળેલ દરખાસ્ત ઉકત જોગવાઇઓ અંતર્ગત ચકાસીને સબંધિત શાળાના આચાર્યશ્રીને મંજુરી સહિત પરત કરશે અને પાત્રતા ધરાવતી કન્યાના નામનો ચેક તૈયાર કરીને આવા ચેકો તાત્કાલિક રજી.પો.એ.ડી.થી સબંધિત શાળાના આચાર્યશ્રીઓને મોકલી આપવાના રહેશે.

(સી) કન્યા/ વાલીએ ખરીદવાની રહેતી સારી ગુણવત્તાવાળી મજબૂત અને ટકાઉ સાયકલ અંગે ટી.આઇ(હરકયુલસ) એટલાસ, હીરો, એ-વન જેવી બ્રાન્ડેડ કંપનીની આઇ.એસ.આઇ. માર્કાની સાયકલ અંગેનું ભાવપત્રક જે તે દુકાનેથી મેળવીને શાળાના આચાર્યશ્રીને આપવાનું રહેશે. જેની સામે શાળાના આચાર્યશ્રીએ ભાવપત્રકમાં કન્યા / વાલીને ચેક આપ્યા અંગેની નોંધ કરીને તેમની સહી કરાવીને અને તારીખ અવશ્ય નંખાવીને તુર્તજ સબંધિત કન્યા / વાલીને ચેક આપવાનો રહેશે અને શાળાના આચાર્યશ્રીએ આ ભાવપત્રક શાળાના રેકર્ડ ઉપર જાળવીને રાખવાનું રહેશે.

(ડી) સાયકલ ખરીદી માટે નિયત થયેલ ઉચ્ચક રકમનો જ ચેક આપવાનો રહેશે. સાયકલ ખરીદવા માટે જો કોઇ વધારાની રકમ થતી હશે તો તે રકમ કન્યા / વાલીએ પોતે ભોગવવાની રહેશે.

(ઇ) ચેક મળ્યાની તારીખથી ૪૫ દિવસમાં સબંધિત કન્યા / વાલીએ સાયકલ ખરીદી લેવાની રહેશે અને સાયકલ ખરીદી અંગેના અસલ બિલની ઝેરોક્ષ પ્રમાણિત નકલ શાળાના આચાર્યશ્રીને દિન-૭ માં આપવાની રહેશે. કન્યા / વાલીએ રજૂ કરેલ અસલ બીલ મુજબની સાયકલ ખરીદાઇ છે તેની ખાતરી શાળાના આચાર્યએ કરી બિલ ઉપર આ ખાતરી કર્યા અંગેની નોંધ કરી સહી કરવાની રહેશે. જે નકલ શાળાના આચાર્યશ્રીએ મળ્યાની તારીખ નાંખીને, સહી કરીને શાળાના રેકર્ડ ઉપર નિભાવવાની રહેશે. શાળામાં પાત્રતા ધરાવતી કન્યાઓને મંજૂર થયેલ / ચૂકવાયેલ ઉચ્ચક રકમ અંગે સબંધિત કન્યા / વાલી ધ્વારા સાયકલ ખરીદ થયા અંગેની નોંધ / યાદી શાળાના આચાર્યશ્રીએ તૈયાર કરવાની રહેશે અને દિન-૭ માં જિલ્લા નાયબ નિયામક (વિકસતી જાતિ), જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી(વિકસતી જાતિ)ને મોકલી આપવાની રહેશે.

૭. આ સહાયથી ખરીદવામાં આવેલ સાયકલ પર !! સૌજન્ય-ગુજરાત સરકાર!! અવશ્ય લખાવવાનું રહેશે.

૮. આ અંગેનો ખર્ચ સને ૨૦૦૮-૦૯ ના વર્ષની બજેટ જોગવાઈને આધીન રહીને નાણા વિભાગ ધ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

૯. આ અંગેનો ખર્ચ સરકારશ્રી ધ્વારા વખતોવખત નકકી કરવામાં આવેલ જોગવાઈઓ અને લાગુ પડતા ધારા-ધોરણોને આધિન નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

૧૦. આ અંગેનો ખર્ચ માંગણી ક્રમાંકઃ ૯૨, અંદાજપત્રના સદર ૨૨૨૫- અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ અને અન્ય પછાતવર્ગોનું કલ્યાણ, ગૌણ સદર- ૮૦૦ અન્ય ખર્ચ, પેટા સદર (૦૭) બીસીકે- ૯૭ આર્થિક રીતે પછાતવર્ગની ધોરણ-૮ ની વિદ્યાર્થીનીઓને વિના મૂલ્યે સાયકલ સહાય હેઠળ કરવામાં આવેલ રૂ.૨૦૦.૦૦ લાખની જોગવાઈમાંથી ખર્ચ કરવાની વહીવટી મંજુરી આપવામાં આવે છે.

૧૧. આ અંગેના હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર તા.૧૪-૩-૨૦૦૮ ના રોજની નાણા વિભાગની નોંધથી મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( બકુલ શાહ )
ઉપ સચિવ,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ.

પ્રતિ,

માન.મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
માન.મંત્રીશ્રી(સામાજિક ન્યાય)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
માન.રાજય કક્ષાના મંત્રીશ્રી(સા.શૈ.પ.વ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ૪,ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
એકાઉન્ટન્ટ જનરલ, ગુજરાત રાજકોટ / અમદાવાદ.
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ(આદિજાતિ પ્રભાગ), સચિવાલય, ગાંધીનગર.
પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ ગાંધીનગર
સર્વે જિલ્લા નાયબ નિયામક / જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રીઓ (વિકસતી જાતિ),

ક્રમાંક વિજાક/શિક્ષણ/૦૮-૦૯ / ૧૩૫૮-૯૧
નિયામક, વિકસતી જાતિ કલ્યાણ ખાતુ
ડો.જીવરાજ મહેતા ભવન,બ્લૉકનં.૪/૩
ગુજરાત રાજય,ગાંધીનગર
તા. ૮/૪/૨૦૦૮

પ્રતિ,
જિલ્લા નાયબ નિયામકશ્રી
(વિ.જા.)..................................
જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી